સત્યમેવ જયતે

ક્રમાંક જીસીઇઆરટી/એમ ડી ટી આઇ/2020/ 2934-2968
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
વિદ્યાભવન, સેક્ટર - 12, ગાંધીનગર
ફોન : (079) 23256808
ફેક્સ: (079) 23256812
ઇ-મેઇલ : gcert.gujarat.gov.in
તારીખ: 29/12/2020

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ જિલ્લા(ગુ.રા.)

**વિષય :– આયુષ્યમાન ભારત યોજના અન્વયે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રાજયના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષકોની "SPArSH" ઓનલાઈન તાલીમ બાબત.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આયુષ્યમાન ભારત યોજના અન્વયે શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત યુનેસ્કો અને જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજયના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગની તમામ શાળાઓના (સરકારી, અનુદાનિત, આર.એમ.એસ.એ સ્કૂલ, મોડેલ સ્કૂલ અને સ્વનિર્ભર શાળાઓ) તમામ શિક્ષકો માટે શાળા આરોગ્ય કાર્યક્રમ સંદર્ભે "SPArSH" (State Programme on Adolescent School Health) ઓનલાઈન તાલીમનું આયોજન કરેલ છે. સદર તાલીમમાં શિક્ષકો DIKSHA Portal ના માધ્યમથી જોડાય શકશે. સદર તાલીમ અન્વયે કુલ – ૧૧ કોર્ષના મોડયુલ DIKSHA Portal પર સમયાંતરે અપલોડ કરવામાં આવશે. હાલ ત્રણ મોડયુલના કોર્સ અપલોડ કરેલ છે.

- પ્રત્યેક મોડયુલમાં વિષયની પ્રસ્તાવના, વિષયવસ્તુને સમાવિષ્ટ કરતી માહિતી, તેને સંલગ્ન વિડિયો, સંબંધિત માહિતીનો પ્રવર્તમાન અભ્યાસક્રમનો અનુબંધ અને અંતમાં મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવેલ છે. સદર તાલીમ પૂર્ણ થયેથી તાલીમાર્થી શિક્ષકોને તાલીમ અંગેનું પ્રમાણપત્ર દિક્ષા પોર્ટલ પરથી ઓનલાઈન મળશે.

- ઉપરોક્ત આયોજનના અમલવારી હેતુ આપના જિલ્લાની તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળાઓના શિક્ષકો સદર તાલીમમાં ભાગ લે તે અનિવાર્ય છે.

- ઉપરોક્ત તાલીમના સ્થાયીકરણ હેતુ બ્રાંડ એમ્બેસેડર તરીકે પ્રત્યેક શાળા દીઠ બે શિક્ષકો (એક મહિલા અને એક પુરુષ) તેમજ અન્ય શિક્ષકો સ્વૈચ્છિક ધોરણે આ સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં પોતાનું જીવંત યોગદાન આપે તે આવશ્યક છે.

- આ સાથે ઉક્ત તમામ મોડયુલ્સની વધુ સ્પષ્ટ સમજ કેળવાય તેવા આશયે મોડયુલના વિષયને અનુરૂપ પ્રસિધ્ધ તજજ્ઞશ્રીઓ દ્વારા બાયસેગના માધ્યમથી પ્રસારણ કરવામાં આવનાર છે. તેનો પણ તાલીમમાં જોડાનાર શિક્ષકો લાભ મેળવે તે સુનિશ્ચિત કરશો.

Scanned by CamScanner

## બાયસેગના માધ્યમથી પ્રસારણ થનાર કાર્યક્રમની વિગત દર્શાવતુ પત્રક

| તારીખ | કોર્ષનું નામ | સમય | ચેનલ નંબર |
|---|---|---|---|
| ૦૪/૦૧/૨૦૨૧ | SPArSH ૧- તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ | સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ | વંદે ગુજરાત ચેનલ નં – ૫ |
| ૦૬/૦૧/૨૦૨૧ | SPArSH ૨- ભાવનાત્મક અને માનસિક આરોગ્ય | | |
| ૦૮/૦૧/૨૦૨૧ | SPArSH ૩-આંતરવૈયક્તિક સંબંધ | | |
| ૧૧/૦૧/૨૦૨૧ | SPArSH ૪- મૂલ્યો અને નાગરિકતા | | |
| ૧૩/૦૧/૨૦૨૧ | SPArSH ૫- જેન્ડર સમાનતા | | |
| ૧૬/૦૧/૨૦૨૧ | SPArSH ૬- પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા | | |
| ૧૮/૦૧/૨૦૨૧ | SPArSH ૭- નશીલા પદાર્થોના દુરુપયોગની રોકથામ અને વ્યવસ્થાપન | | |
| ૨૦/૦૧/૨૦૨૧ | SPArSH ૮- આરોગ્યપ્રદ જીવનશૈલીનો પ્રસાર | | |
| ૨૨/૦૧/૨૦૨૧ | SPArSH ૯- સંક્રમિત રોગો | | |
| ૨૫/૦૧/૨૦૨૧ | SPArSH ૧૦- હિંસા અને ઈજાઓ સામે સલામતી અને સુરક્ષા | | |
| ૨૮/૦૧/૨૦૨૧ | SPArSH ૧૧-ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપવું | | |

આપના જિલ્લામાં શાળાદીઠ બે શિક્ષકોએ બ્રાંડ એમ્બેસેડર તરીકે સદર કોર્ષની તાલીમ ફરજીયાત પૂર્ણ કરવાની રહેશે. જે મુજબના જરૂરી આદેશ આપની કચેરી દ્વારા કરવા જણાવવામાં આવે છે.

**નોંધ :–**

- **હાલ શાળા આરોગ્ય કાર્યક્રમ સંદર્ભની તાલીમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે તાપી, અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ, વલસાડ,પંચમહાલ અને નર્મદા જિલ્લાની પ્રત્યેક સરકારી અને અનુદાનિત શાળાઓના બે પસંદિત શિક્ષકોની તાલીમ કાર્યરત છે. જેઓ માટે આ તાલીમ ફરજીયાત નથી.**
- **સેલ્ફ ફાયનાન્સ શાળાના શિક્ષકો DIKSHA Portal મારફત ઓનલાઈન કોર્ષમાં જોડાઈ શકશે તથા બાયસેગ મારફત થનાર પ્રસારણ જોઈ શકશે.**

ક્રમાંક:-મા.વિ.૧/પરીપત્ર/વશી-૪૧/૨૦૨૦-૨૧/ ૩૧૪૪૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી.
બનાસકાંઠા, જિ. પાલનપુર
તારીખ:-30/૧૨/૨૦૨૦

ર/-ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: જીસીઇઆરટી/એસ.ટી.ટી.આઇ/૨૦૨૦/૨૯૩૪-૨૯૬૮, તા. ૨૯/૧૨/૨૦૨૦ ના પત્ર અન્વયે જાણ તથા ઉપરોક્ત વિગતે અમલ સારૂ.

(signature)

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિનસરકારી/નોન ગ્રાન્ટેડ માધ્ય અને ઉ.મા. શાળાઓ
બનાસકાંઠા, જિલ્લો.પાલનપુર

Scanned by CamScanner